# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/52 Dt. 06/08/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલાના નેતૃત્વમાં SGCCIના ડેલિગેશને શ્રીલંકાના બોર્ડ ઓફ ઇન્વેસ્ટમેન્ટ સાથે યોજી હાઇ-લેવલ સમિટ

## ઇન્ડિયા-શ્રીલંકા ઇકોનોમિક કોરિડોર: શ્રીલંકામાં ટેક્સટાઇલ પાર્ક, IT, જ્વેલરી અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં મેગા રોકાણ માટે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારોને ગ્લોબલ ઇન્વિટેશન

## સુરતના ગ્રે કાપડના મેન્યુફેક્ચરર્સ કોઈપણ મધ્યસ્થી વગર સીધા જ શ્રીલંકાના આધુનિક ગારમેન્ટ યુનિટ્સને ફેબ્રિક એક્સપોર્ટ કરી શકશે

## દ્વિપક્ષીય વેપાર, જોઈન્ટ વેન્ચર્સ, ગ્લોબલ સપ્લાય ચેઇન અને ટેકનોલોજી ટ્રાન્સફર મુદ્દે BOIના ડાયરેક્ટર જનરલ સાથે પરિણામલક્ષી મંત્રણા

## ભારતીય ઇન્વેસ્ટર્સને સ્પેશિયલ સબસિડી, ટેક્સ બેનિફિટ્સ, સિંગલ-વિન્ડો ક્લિયરન્સ અને ફૂલ-સ્કેલ સ્ટેટ સપોર્ટ આપવા શ્રીલંકા સરકારની ખાતરી

## સુરતમાં આયોજિત થનારા 'ફૂડ એન્ડ બેવરેજિઝ એક્સ્પો'માં શ્રીલંકાનું BOI, બોર્ડ ઓફ સ્પાઇસિસ અને ટી બોર્ડ સંયુક્ત 'ઇન્ટરનેશનલ પેવેલિયન' ઊભું કરશે

સુરત/કોલંબો, 06 ઓગસ્ટ 2026: દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોના વૈશ્વિક વિસ્તાર અને આંતરરાષ્ટ્રીય વ્યાપારી સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવાના મિશન સાથે શ્રીલંકાના સત્તાવાર પ્રવાસે ગયેલા ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)ના 13 સભ્યોના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે કોલંબો ખાતે ઇન્ટરનેશનલ ડિપ્લોમેટિક એન્વાયરન્મેન્ટ વચ્ચે એક અત્યંત મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. ચેમ્બરના પ્રમુખ શ્રી અશોક જીરાવાલા અને માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલના નેતૃત્વ હેઠળના આ ડેલિગેશને શ્રીલંકાના બોર્ડ ઓફ

ઇન્વેસ્ટમેન્ટ (BOI)ના ડાયરેક્ટર જનરલ ડો. સુલક્ષન જયવર્દના તથા મંત્રાલયના ટોચના બ્યુરોક્રેટ્સ અને પોલિસી મેકર્સ સાથે દ્વિપક્ષીય રોકાણ અંગે વ્યૂહાત્મક ચર્ચા કરી હતી.

## ઇન્ડિયા-શ્રીલંકા વ્યાપારી સંબંધોનો નવો સ્વર્ણિમ યુગ: અશોક જીરાવાલા

શ્રીલંકાના રોકાણ બોર્ડના શીર્ષ અધિકારીઓ સમક્ષ દક્ષિણ ગુજરાતની આંતરરાષ્ટ્રીય ઔદ્યોગિક તાકાતનો ચિતાર રજૂ કરતા ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, "સુરત હવે માત્ર દેશનું જ નહીં, પણ સમગ્ર દક્ષિણ એશિયાનું ગ્લોબલ ગ્રોથ એન્જિન બનવા જઈ રહ્યું છે. SGCCI આજે 14,500થી વધુ પ્રત્યક્ષ સભ્યો અને 155થી વધુ ટ્રેડ એસોસિએશન્સના સક્ષમ પ્રતિનિધિત્વ સાથે ભારતનું સૌથી ગતિશીલ ચેમ્બર છે. સુરત અને દક્ષિણ ગુજરાત માત્ર ટેક્સટાઇલ અને ડાયમંડ જ નહીં, પરંતુ ફાર્મા, કેમિકલ્સ, હેવી એન્જિનિયરિંગ, રિન્યુએબલ એનર્જી અને IT ક્ષેત્રે વૈશ્વિક સપ્લાય ચેઇનનું મજબૂત સેન્ટર બની ચૂક્યું છે."

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, "ભારત અને શ્રીલંકા વચ્ચેના સદીઓ જૂના ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધોને હવે અમે 'ક્રોસ-બોર્ડર ઇન્વેસ્ટમેન્ટ', જોઈન્ટ વેન્ચર્સ અને આધુનિક ટેકનોલોજી ટ્રાન્સફર દ્વારા નવી આંતરરાષ્ટ્રીય પરિભાષા આપી રહ્યા છીએ. શ્રીલંકાના ઉભરતા ટેક્સટાઇલ અને ઇન્ડસ્ટ્રિયલ ઝોન્સમાં જ્યારે દક્ષિણ ગુજરાતનો મેન્યુફેક્ચરિંગ પાવર અને વિઝનરી સાહસિકતા જોડાશે, ત્યારે આ પાર્ટનરશિપ વૈશ્વિક બજારમાં એક નવો ઇતિહાસ રચશે. દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો શ્રીલંકાના ઉદ્યોગ જગત સાથે હાથ મિલાવીને વૈશ્વિક નિકાસ પર પ્રભુત્વ મેળવવા પૂર્ણ ક્ષમતા સાથે સજ્જ છે."

## સુરતના ગ્રે કાપડ ઉત્પાદકો માટે શ્રીલંકામાં નિકાસની અઢળક તકો

ભારત સરકાર અને શ્રીલંકા સરકાર વચ્ચે થયેલા વેપારી કરારની વિગતો આપતા ચેમ્બર પ્રમુખે ઉમેર્યું હતું કે, કરાર મુજબ શ્રીલંકાથી નિકાસ થતા ફેબ્રિક સામે તેમણે ભારતમાંથી આશરે 6 મિલિયન મેટ્રિક ટન ફેબ્રિકની આયાત કરવાની રહે છે. દેશમાં સુરત સૌથી વધુ ગ્રે કાપડનું ઉત્પાદન કરતું હોવાથી સ્થાનિક ટેક્સટાઇલ ઉદ્યોગ માટે વેપારની અઢળક નવી તકો ખુલી છે. સુરતના ગ્રે કાપડના મેન્યુફેક્ચરર્સ કોઈપણ મધ્યસ્થી વગર સીધા જ શ્રીલંકાના આધુનિક ગારમેન્ટ યુનિટ્સને ફેબ્રિક એક્સપોર્ટ કરી શકશે, જેનાથી સુરતના ટેક્સટાઇલ સેક્ટરને મોટો આર્થિક લાભ થશે.

## શ્રીલંકા સરકાર દ્વારા રોકાણકારોને રેડ કાર્પેટ વેલકમ: ડો. સુલક્ષન જયવર્દના

BOIના ડાયરેક્ટર જનરલ ડો. સુલક્ષન જયવર્દનાએ ચેમ્બરના ડેલિગેશનને જીઓ-પોલિટિકલ અને ઇકોનોમિક દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ ગણાવતા કહ્યું હતું કે, "શ્રીલંકામાં સ્થાપિત થઈ રહેલા આધુનિક ટેક્સટાઇલ પાર્ક, IT પાર્ક, જેમ્સ એન્ડ જ્વેલરી ક્લસ્ટર તેમજ એડવાન્સ મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ભારતીય ઉદ્યોગકારો માટે અપરંપાર તકો રહેલી છે. શ્રીલંકા સરકાર દ્વારા સેક્ટર-સ્પેસિફિક સ્પેશિયલ આર્થિક પેકેજ અને વ્યાપક સબસિડી આપવામાં આવી રહી છે. શ્રીલંકામાં પ્લાન્ટ કે બિઝનેસ શરૂ કરવા માંગતા દક્ષિણ ગુજરાતના રોકાણકારોને BOI દ્વારા ફાસ્ટ-ટ્રેક સિંગલ વિન્ડો ક્લિયરન્સ, તમામ કાયદાકીય મંજૂરીઓ અને ગ્રાઉન્ડ લેવલ પર સ્ટેટ સપોર્ટ પૂરો પાડવામાં આવશે."

## ચેમ્બરના એક્સ્પોમાં શ્રીલંકાનો ભાગીદારીનો નિર્ણય

આ બેઠક દરમિયાન SGCCI ડેલિગેશનના સભ્યોએ શ્રીલંકાની આંતરરાષ્ટ્રીય ટ્રેડ પોલિસી, એક્સપોર્ટ નોર્મ્સ, ટેક્સ હોલિડે, લોજિસ્ટિક્સ અને ક્રોસ-બોર્ડર ફંડિંગ અંગે તીક્ષ્ણ પ્રશ્નો પૂછ્યા હતા, જેના BOIના ઉચ્ચ અધિકારીઓએ સંતોષકારક જવાબો આપ્યા હતા.

આ આંતરરાષ્ટ્રીય બેઠકના પરિણામસ્વરૂપ શ્રીલંકા સરકારના અધિકારીઓએ જાહેરાત કરી હતી કે, ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સુરત ખાતે આયોજિત થનારા આગામી 'ફૂડ એન્ડ બેવરેજિઝ એક્સ્પો'માં શ્રીલંકાનું બોર્ડ ઓફ ઇન્વેસ્ટમેન્ટ (BOI), બોર્ડ ઓફ સ્પાઇસિસ અને ટી બોર્ડ સંયુક્તપણે એક વિશાળ 'શ્રીલંકા નેશનલ પેવેલિયન' ઊભું કરીને ભાગીદારી નોંધાવશે.